સંસદના બંને ગૃહો સતત ત્રીજા દિવસે મોકુફ

નવી દિલ્હી,તા. ૨૩

કોલસા બ્લોકની ફાળવણીનાં મામલે કેગના અહેવાલ બાદ ઉભી થયેલી મડાગાંઠ આજે પણ ઉકેલાઇ શકાઇ ન હતી. ધાંધલ ધમાલના દોર વચ્ચે સંસદના બંને ગૃહો સતત ત્રીજા દિવસે મોકુફ કરી દેવામાં આવ્યા હતા. વિરોધપક્ષો કોલસા બ્લોકની ખામી ભરેલી ફાળવણીના પ્રશ્ને વડાપ્રધાન મનમોહનસિંહના રાજીનામાની માંગણી ઉપર મક્કમ રહ્યા હતા. જેથી મડાગાંઠ ઉકેલાઇ શકાઇ ન હતી. લોકસભા અને રાજ્યસભામાં ધાંધલ ધમાલ જારી રહી હતી. ભાજપના સભ્યો આક્રમક મુડમાં દેખાયા હતા. સવારે ૧૧.૦૦ વાગ્યે લોકસભા મળતાની સાથે જ ભાજપના સભ્યો

કાર્યવાહી ચાલી તેવા મુડમાં દેખાયા ન હતા. આ લોકો અધ્યક્ષ મીરા કુમારના મંચ સમક્ષ ધાંધલ ધમાલ કરીને ધસી ગયા હતા. ગૃહની વચ્ચોવચ પહોંચીને દેખાવો કરવામાં આવ્યા હતા. જેથી સૌથી પહેલા બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી અને ત્યારબાદ ૨.૦૦ વાગ્યા સુધી અને છેલ્લે દિવસભર માટે ગૃહની કામગીરી મોકુફ કરી દેવાઇ હતી. કોંગ્રેસના સાંસદો પણ લડાયક મુડમાં દેખાયા હતા. કેટલાક સભ્યોએ અખબારોની નકલ પણ દર્શાવી હતી. જેમાં દર્શાવવામાં આવ્યું હતું કે વિરોધ પક્ષ શાસિત રાજ્યોએ કોલસા બ્લોકની હરાજીનો વિરોધ કર્યો હતો. ગૃહપ્રધાન સુશીલ કુમાર શિન્દેએ કહ્યું હતું કે વડાપ્રધાનને બોલવાની મંજુરી આપવી જોઇએ. વડાપ્રધાન ભાજપ દ્વારા આપવામાં આવેલા મુદ્દા પર ચર્ચા માટે તૈયાર છે. રાજ્યસભામાં પણ ધાંધલ ધમાલ થઇ હતી. જેથી ત્રણ વખત સુધી ગૃહને મોકુફ રાખવામાં આવ્યા બાદ છેલ્લે દિવસભર માટે ગૃહને મોકુફ કરવામાં આવી હતી. અહીં પણ ભાજપના સાંસદોએ વડાપ્રધાનના રાજીનામાંની માંગ કરી હતી. જો કે ભાજપના સાથી પક્ષ જનતાદળ યુનાઇટેડે સુત્રોચ્ચારમાં ભાગ લીધો ન હતો. કૌભાંડ મામલે ચર્ચાની તરફેણ જેડ્યુ દ્વારા કરવામાં આવેલી ગૃહને મોકુફ કરવામાં આવે તે પહેલા ૧૨.૩૦ વાગે ૧૫ મિનિટ સુધી શાસક પક્ષ અને વિરોધ પક્ષ વચ્ચે ઉગ્ર ચર્ચા થઇ હતી. ચેરમેન હમિદ અંસારીએ મડાગાંઠનો ઉકેલ લાવવા સર્વપક્ષીય મિટિંગ બોલાવી હતી પરંતુ આમા કોઇ નિકાલ આવ્યો ન હતો. કેગે પોતાના અહેવાલમાં જણાવ્યું હતું કે સરકારની ઉદાસીનતા અને ખામી ભરેલી કોલસા બ્લોકની ફાળવણીના સ્વરૂપે તીજોરીને ૧.૮૫ લાખ કરોડનું નુકસાન થયું હતું. સંસદની કામગીરી મંગળવાર બાદથી હાથ ધરી શકાઇ નથી. વિરોધ પક્ષો ચર્ચાના મુડમાં નથી તેવો આક્ષેપ સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે. સંસદીય બાબતના પ્રધાન પવન કુમાર બંસલે કહ્યું હતું કે વિરોધ પક્ષો મંત્રણાના મુડમાં નથી સરકાર સોમવારના દિવસે સર્વપક્ષીય મિટિંગ બોલાવી શકે છે.

રાજસ્થાનમાં ભારે વરસાદ

જયપુર,તા. ૨૩

રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં અતિભારે અને રેકોર્ડ વરસાદ થયા બાદ સત્તાવાળાઓને મોટાપાયે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી છે. જનજીવન સામાન્ય બનાવવા તમામ પ્રયાસ હાથ ધરવામાં આવ્યા છે. વરસાદના કારણે સત્તાવાર રીતે મોતનો આંકડો ૧૪ ઉપર પહોંચી ગયો છે. જ્યારે બિનસત્તાવાર રીતે મોતનો આંકડો ૨૦ ઉપર પહોંચી ગયો છે. જયપુરમાં સૌથી વધારે માઠી અસર થઇ છે. નુકસાન પામેલા કાટમાળને દુર કરવા ૨૧ જેસીબી મશીનો અને ૩૦ વોટર પંપની સેવા લેવામાં આવી છે. જવાહર નગર, ભટ્ટા બસ્તી જેવા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા છે. જયપુરમાં દશ લોકોના મોત થાય છે. જ્યારે ૩૫૦૦૦ ફુડ પેકેટોનું વિતરણ પણ કરવામાં આવ્યું છે. નહારગંજ, ગલતાગેટ, સુભાષ ચોક, ભટ્ટા બસ્તી, રામગંજ, જવાહર નગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાની સાથે સાથે ફુડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે. જુદી જુદી કોલોનીઓ માંથી પાણી બહાર કાઢવા ૩૦ પંપનો ઉપયોગ કરવામાં આવ્યો છે. રાજસ્થાનના જુદા જુદા ભાગોમાં અને પાટનગર જયપુરમાં અતિ ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થયા બાદ સ્થિતીને સામાન્ય બનાવાવ પગલા લેવામાં આવી રહ્યા છે. જયપુરમાં જનજીવન હજુ પણ સામાન્ય બન્યું નથી. અહેવાલમાં જણાવામાં આવ્યું છે કે ભારે વરસાદ અને વરસાદ સંબંધી બનાવોમાં બિનસત્તાવાર રીતે ૨૦ લોકોના મોત થઈ ચૂક્યા છે. હજારો લોકોને માઠી અસર થઈ છે. સિકર, દોસા, ઝુંઝનું અને ધોલપુર સહિતના ઘણા જિલ્લાઓમાં સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ટ્રાફીક જામની સ્થિતિ પણ સર્જાઈ છે. રાજ્યના પાટનગરમાં મંગળવારના દિવસે ત્રણ દશકમાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. ગઈકાલે પણ આશરે ચાર કલાક સુધી ભારે વરસાદ

પડ્યો હતો જેથી લોકોને જાગીને રાત ગાળવાની ફરજ પડી રહી છે. ઘણા મકાનોને પણ નુકસાન થયું છે. લોકોના ઘરોમાં પાણી પણ ભરાઈ ગયા છે. ઘણા નીચાણવાળા વિસ્તારોમાં લોકોને છત ઉપર આસરો લેવાની ફરજ પડી છે. વડાપ્રધાન મનમોહનસિંહે પરિસ્થિતિની સમીક્ષા કરવા મુખ્યમંત્રી અશોક ગહેલોત સાથે વાતચીત કરી છે. જયપુર જિલ્લા ઉપરાંત જયપુરના અન્ય સ્થળો, અજમેર ડિવિઝનમાં ભારેતી અતિભારે વરસાદ થયો છે. ૧૯૮૧ બાદ જયપુરમાં ૧૭૨.૪ મીમી વરાસદ થયો છે. ૧૯મી જુલાઈ ૧૯૮૧ના દિવસે જયપુરમાં જયપુરમાં ૩૨૬ મીમી વરસાદ થયો હતો.

સમાચાર ઝલક

- હવે માત્ર ૩૦ દિવસમાં નવો પાસપોર્ટ મળશે, ૧૫ દિવસમાં રીન્યુ થઇ શકશે.
- ગુજરાતમાં ૧૫ લાખથી વધુ ગેરકાયદેસર ઇમારતો છે : એક અહેવાલ.
- ગણપતિ ઉત્સવ માટે રૂા. ૨૨૪ કરોડનો વીમા લેતી મુંબઇની એક સાર્વજનિક સંખ્યા.
- કાશ્મીર ઘાટીમાં હવે કાશ્મીરી પંડિતોના ૮૦૮ કુટુંબો બચ્યાં છે.
- જૂનાગઢ બસ સ્ટેશનમાં એસ.ટી.માંથી રૂા. દસ લાખથી રોકડ ભરેલા થેલાની ચોરી.
- સૌરાષ્ટ્ર-કચ્છ, ઉત્તર ગુજરાતના અછતગ્રસ્ત વિસ્તારો માટે ઘાસચારાની ખાસ યોજનાઓ.
- પોરબંદરમાં અવળી ગંગા સમાન બનેલા બનાવની પોલીસ ફરિયાદ, પતિને મારતી પત્ની.
- હકાલપટ્ટી કરાયેલા પાઇલોટોને ફરીથી નોકરી પર લેવાનો નિર્ણય.
- રાજુલા તાલુકાના વિક્ટર ગામે ઇદની રજા શાળામાં ના પાડતાં આચાર્ય પર મુસ્લિમ યુવાનનો હુમલો, શાળા બંધ.
- માંગરોળ તાલુકાના આરેણા ગામે પુત્રની સગાઇના દિવસે જ પતિનું મૃત્યુ થતાં ચક્ષુદાન કરાયું, પત્નીનું ઉત્કૃષ્ટ કાર્ય.
- દુષ્કાળમાં કૂવો છલકાયો, ગોંડલ તાલુકાના વાછરા ગામે ભર દુષ્કાળમાં ૩૦ ફૂટ ઊંડા કૂવામાં અચાનક પાણીની સરવાણીઓ ફૂટતા કૂવો છલોછલ ભરાયા છે.
- નર્મદા બંધ પાસે 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' સરદાર પ્રતિભા ઊભી કરવા પ્રથમ કરાર થયો.
- હવામાન વિભાગે દર્શાવી આશંકા - કોરા ચોમાસા બાદ ડિસેમ્બરમાં ગરમી ત્રાસ વર્તાવશે.
- બેંક હડતાળ સજ્જડ અબજોના નાણાંકીય વ્યવહારો ઠપ્પ.

દિલ્હી-જયપુર વચ્ચે આજથી ડબલ ડેકર ટ્રેન શરૂ થઇ જશે

નવી દિલ્હી,તા. ૨૩

દિલ્હીના સરાય રોહિલ્લા અને જયપુર વચ્ચે ડબલ ડેકર ટ્રેન આવતીકાલે ૨૪મી ઓગસ્ટથી શરૂ થવા જઈ રહી છે. આ રીતે દેશની આ બીજી ડબલ ડેકર ટ્રેન શરૂ થશે. આ સમગ્ર એસી ટ્રેન મારફતે યાત્રી સાડા ચાર કલાકમાં જયપુર અને દિલ્હી વચ્ચે મુસાફરી કરી શકશે. બીજી બાજુ ઉત્તરીય રેલવેના સૂત્રોએ કહ્યું છે કે ૨૪મી ઓગસ્ટથી આ ટ્રેનની સર્વિસ શરૂ કરવાના સંબંધમાં રેલવે બોર્ડે બુધવારના દિવસે જાહેરનામુ જારી કર્યુ હતું. અલબત્ત અગાઉ આ ટ્રેન ૧૬ ઓગસ્ટથી શરૂ થનાર હતી પરંતુ કેન્દ્રીય પ્રધાન વિલાસરાવ દેશમુખના અવસાનના કારણે આ ટ્રેનના ઉદ્‌ઘાટન સાથે સંબંધિત કાર્યક્રમ રદ કરી દેવામાં આવ્યો હતો. આ ટ્રેનની જાહેરાત રેલવે બજેટમાં કરવામાં આવી હતી પરંતુ કોચના નિર્માણ અને તેના ટ્રાયલના કારણે આ ટ્રેનને શરૂ કરવાના કાર્યક્રમમાં સતત વિલંબ થઈ રહ્યો હતો.

ઉત્તરીય રેલવેના સૂત્રોનું કહેવું છે કે આ ડબલ ડેકર ટ્રેનમાં ૧૦ કોચ રહેશે. આ ટ્રેન રસ્તામાં માત્ર દિલ્હી છાવણી અને ગુડગાંવ સ્ટેશન પર રોકાશે. રેલવેનું કહેવું છે કે આ ટ્રેનના દરેક કોચમાં ૧૨૯ યાત્રી યાત્રા કરી શકશે જ્યારે સામાન્ય રીતે ટ્રેનના દરેક કોચમાં ૭૫-૭૬ યાત્રીઓ બેસી શકે છે. રેલવેનું કહેવું છે કે આ ટ્રેનના કોચની ઊંચાઈ સામાન્ય ટ્રેનના કોચ કરતા ૪.૫ ઈંચ વધારે છે. ટ્રેનમાં એસી ચેર કાર રહેશે. હાલમાં આ ટ્રેન દિલ્હીના સરાય રોહિલ્લાથી સાંજે ૫.૩૫ વાગે રવાના થશેઅને રાત્રે ૧૦.૦૫ વાગે જયપુર પહોંચશે. વાપસીમાં આ ટ્રેન જયપુરથી સવારે ૬ વાગે રવાના થશે અને ૧૦.૩૦ વાગે દિલ્હીના સરાય રોહિલ્લામાં પહોંચશે. આ ટ્રેનમાં જયપુર સુધીનું ભાડું ૩૪૦ સુધી રહેશે પરંતુ યાત્રી સરાય રોહિલ્લાથી દિલ્હી છાવણી સુધી જશે તો ૧૯૫ રૂપિયા આપવા પડશે. કારણ કે લઘુત્તમ ભાડા ૧૦૦ કિમીના ભાગરૂપે વસૂલ કરવામાં આવશે.

પટણા ખાતે ઇન્ડિગોના વિમાનનું તાકિદે ઉતરાણ

પટણા, તા. ૨૩

ઇન્ડિગોના વિમાનને આજે સવારે પટણા એરપોર્ટ ઉપર તાકિદે ઉતરાણ કરવાની ફરજ પડી હતી. ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથકથી ઉડાણ ભર્યા બાદ દિલ્હી-હૈદરાબાદ ફ્લાઇટ સાથે એર પક્ષી અથડાઈ ગયું હતું. જેના પરિણામ સ્વરૂપે સાવચેતીના પગલાંરૂપે પટણા એરપોર્ટ ઉપર આ વિમાનને ઉત્તરાણ કરવાની ફરજ પડી હતી. પટણા એરપોર્ટ ઉપર વિમાને ઉતરાણ કર્યા બાદ તમામ યાત્રીઓને નીચે ઉતારવામાં આવ્યા હતા અને તેમાં ચકાસણી કરવામાં આવી હતી. થોડાક સમય માટે યાત્રીઓમાં પણ દહેશત ફેલાઈ ગઈ હતી. જો કે વિમાને સુરક્ષિત રીતે પટણા વિમાની મથકે ઉતરાણ કર્યું હતું. આ વિમાનમાં કેટલા યાત્રીઓ હતા તે સંબંધમાં હજુ માહિતી મળી નથી.

બેંક હડતાળના કારણે બીજા દિવસે સેવા ખોરવાઇ ગઇ

નવી દિલ્હી,તા. ૨૩

જાહેર ક્ષેત્રની બેંકોમાં સેવા આજે સતત બીજા દિવસે પણ ખોરવાઈ ગઈ હતી. બે દિવસની બેંક હડતાળના બીજા દિવસે અર્થતંત્રને પણ ભારે નુકસાન થઈ હોવાનો દાવો ઉદ્યોગ સંસ્થા દ્વારા કરવામાં આવ્યો છે. હડતાળના કારણે એટીએમમાં ઘણી જગ્યાઓએ નાણાં ખુટી પડ્યા હતા. ઓલ ઈન્ડિયા બેંક એમ્પ્લોઈઝ એસોસીએશન (એઆઈબીઈએ)ના જનરલ સ્ક્રેટરી સીએ વેંકટચલમે કહ્યું છે કે દેશભરમાં હડતાળ સંપુર્ણપણે સફળ રહી છે. બેંકિક સેવા ઠપ થઈ ગઈ છે. એટીએમ ઉપર આધારીત થયેલા કસ્ટમરોને પણ તકલીફ પડી રહી છે. અલબત્ત ઘણી જગ્યાઓએ એટીએમમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. જાહેરક્ષત્રોની ૨૪ બેંક, ખાનગી ક્ષેત્રોની ૧૨ બેંકો હડતાળમાં જોડાએલી છે. બેંક યુનિયનો દ્વારા પેન્શન સુધાર, હાઉસીંગ લોન સુધારા, પાંચ દિવસની કારોબારી સત્તા અને માનવ સંસાધન અન્ય મુદ્દાઓ ઉપર પણ બેંક યુનિયન મક્કમ બનેલી છે. બેંકીંગ સેક્ટરના સુધારાઓ સામેના વિરોધમાં ગઈકાલે હડતાળ શરૂ થઈ હતી. જે આજે પણ જારી રહી હતી. નોન કોર સર્વિસના આઉટ સોર્સિંગને લઈને પણ વિરોધ થયો છે. બેંક કર્મચારીઓ અન્ય માંગની સાથે સાથે પેન્શન સુધારાની માગ પણ કરી રહ્યા

છે. ગઈકાલે શરૂ થયેલી હડતાળના કારણે આજે સતત બીજા દિવસે પણ સામાન્ય બેંકીંગ કામકાજ પણ ઠપ રહ્યું હતું. ખાસ કરીને રોકડ લેવર દેવડ, ચેક ક્લીયરન્સ, વિદેશી હુંડિયામણ સોદાબાજીને અસર થઈ હતી. હડતાળના કારણે કસ્ટમરો મોટાભાગે એટીએમ ઉપર જ આધારિત થઈ ગયા હતા. કારણ કે બેંક મેનેજમેન્ટે રોકડ રકમ સાથે મશીનોને ફૂલ કરી દઈને પહેલાંથી જ વ્યવસ્થા કરી હતી. એસબીઆઈ સહિત કેટલીક બેંકોએ મશીનોને ફૂલ કરી દઈને પહેલાંથી જ વ્યવસ્થા કરી હતી. એસબીઆઈ સહિત કેટલીક બેંકોએ પહેલાંથી જ તૈયારી કરી હતી. મોટાભાગના એટીએમમાં પૂરતી ક્ષમતા હોવાનો દાવો એસબીઆઈના અધિકારીએ કર્યો હતો. જો કે વ્યક્તિગતો અને કોર્પોરેટના ફંડ મુવમેન્ટને માઠી અસર થઈ હતી. ચેક ક્લીયરન્સમાં વિલંબ થઈ રહ્યો હતો. ઉપરાંત સરકારી બોન્ડ માર્કેટમાં વોલ્યુમને અસર થઈ છે. ઉપરાંત શેરબજાર ઉપર પણ તેની માઠી અસર થઈ હતી. આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી બેંકની સેવાને કોઈ અસર થઈ નથી. ૧૦ લાખથી વધુ કર્મચારીઓ હડતાળ પર જોડાયેલા હોવાનો દાવો એઆઈબીઈએ દ્વારા કરવામાં આવ્યો હતો. યુનિયનો બેંકીંગ સેક્ટર કાયદા સુધારા બીલ જેવા બેંકીંગ સેક્ટરના સુધારાનો વિરોધ કરાયો હતો. વિદેશી ધારકોના મતદાનના અધિકાર પર નિયંત્રણો લાદવાનો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. પશ્ચિમ બંગાળ અને પૂર્વીય રાજ્યોમાં વધુ અસર જોવા મળી હતી. હડતાળ બે દિવસ પાડવાનો નિર્ણય પહેલાથી જ લેવામાં આવ્યો હતો. જેથી કેટલાક લોકો સાવધાન પણ થઈ ગયા હતા.

વ્યાપક ટીકા થયા બાદ અરૂપ પટનાયકની અંતે બદલી થઇ

મુંબઈ, તા. ૨૩

મુંબઈ શહેરમાં ૧૧મી ઓગસ્ટના દિવસે આઝાદ મેદાન ખાતે થઈલી હિંસાના મામલે વ્યાપક ટીકા ટિપ્પણીનો સામનો કરી ચુકેલા મુંબઇ પોલીસ કમિશ્નર અરૂપ પટનાયકની આજે બદલી કરી દેવામાં આવી હતી. મહારાષ્ટ્રના ગૃહપ્રધાન આરઆર પાટીલે આ મુજબની જાહેરાત કરી હતી. પાટીલે કહ્યું હતું કે પટનાયકને મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ કોર્પોરેશનના મેનેજિંગ ડિરેક્ટર તરીકે મુકવામાં આવ્યા છે. તેમને ડિરેક્ટર જનરલ તરીકેની બઢતી આપવામાં આવી છે. બીજી બાજુ વરિષ્ઠ આઈપીએસ ઓફિસર સત્યપાલ સિંહની મુંબઈ પોલીસના નવા કમિશ્નર તરીકે નિમણુંક કરવામાં આવી છે. ૧૧મી ઓગસ્ટના દિવસે મુંબઈમાં આઝાદ મેદાન ખાતે વ્યાપક હિંસા ભડકી ઉઠી હતી. આ હિંસાના મામલાને હાથ ધરવાના મામલે પટનાયકની ટીકા થઈ હતી. શહેર સ્થિત રાજા એકેડમી અને અન્ય સંગંઠનો દ્વારા આયોજીત રેલી દરમિયાન હિંસા ભડકી ઉઠી હતી. આસામમાં હિંસાના વિરોધમાં આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. અન્ય આઈપીએસ ઓફિસર એસપી ગુપ્તાની એડિશનલ ડીજી (ટ્રેનિંગ) તરીકે નિમણુંક કરવામાં આવી છે. ટ્રાન્સફરને રૂટીન વહિવટી પ્રક્રિયા તરીકે ગણાવીને પાટીલે કહ્યું હતું કે પટનાયકની ટ્રાન્સફર સાથેની સંબંધીત ફાઈલ છઠ્ઠી જુલાઈના દિવસે રાજ્ય ડીજી ઓફિસ દ્વારા મુકવામાં આવી હતી. સુધરાવમાં આવેલી ફાઈલ આઠમી ઓગસ્ટના દિવસે રજુ કરાઈ હતી. આ સંબંધમાં ૧૬મી ઓગસ્ટના દિવસે ચીફ સેક્રેટરીએ મિટિંગ યોજી હતી. મહારાષ્ટ્ર નવનિર્માણ સેનાના વડા રાજ ઠાકરેએ મુંબઈમાં જંગી રેલી યોજ્યાના બે દિવસ બાદ આ બદલી થઈ છે.

આઝાદ મેદાન ખાતે હિંસાના મામલે પટનાયકની હકાલપટ્ટી કરવાની માંગ કરવામાં આવી હતી. રાજ ઠાકરેએ વ્યાપક વિરોધ પણ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આસામમાં વ્યાપક હિંસા ભડકી ઉઠ્યા બાદ ૧૧મી ઓગસ્ટના દિવસે રેલી બાદ હિંસા ભડકી ઉઠી હતી. જેમાં બે લોકોના મોત થયા હતા અને અન્ય ઘણાં લોકો ઘાયલ થયા હતા.

મુંબઈના વિમાની મથકે મોટી વિમાન દુર્ઘટના ટળતાં રાહત

મુંબઈ,તા. ૨૩

મુંબઈ વિમાની મથકે એક મોટી વિમાની દુર્ઘટના ટળી ગઈ છે. એર ઈન્ડિયાનું વિમાન મુંબઈ વિમાની મથકે ઉત્તરાણ કરવાની તૈયારીમાં હતુ ત્યારે જ એલર્ટ એટીસીએ હવાઈ પટ્ટી પર જેટ એરવેઝના એક વિમાનને જોઈ જતાં તાત્કાલિક ધોરણે પગલાં લેવામાં આવ્યા હતા. ગઈકાલે મોડી રાત્રે ૧૧.૪૫ વાગે આ બનાવ બન્યો હતો.

એર ઈન્ડિયાના વિમાનને રનવે ઉપર ઉતરાણ કરવાની મંજૂરી એટીસી દ્વારા આપી દેવામાં આવી હતી એ જ વખતે જેટ એરવેઝનું વિમાન એ જ હવાઈ પટ્ટીથી ઉડાણ ભરવાની તૈયારીમાં હતું. એટીસીએ જેટ એરવેઝના વિમાનને હવાઈ પટ્ટી પર નિહાળ્યા બાદ એર ઈન્ડિયા ફ્લાઈટના પાઈલોટને તરત જ જાણ કરી હતી જેના પરિણામ સ્વરૂપે આ મોટી દુર્ઘટના ટળી ગઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે આ પ્રકારના બનાવો વારંવાર બનતા રહે છે પરંતુ આવા બનાવોને રોકવા વધુ સાવધાની જરૂરી બની ગઈ છે. આ મામલામાં તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે.

પ્રથમ દિવસે ભારતના પાંચ વિકેટે ૩૦૭ રન

હૈદરાબાદ ટેસ્ટ : તક મળતા પુજારાએ અણનમ સદી કરી

હૈદરાબાદ,તા. ૨૩

હૈદરાબાદમાં રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રિય સ્ટેડીયમ ખાતે શરૂ થયેલી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચમાં પ્રથણ દિવસે આજે રમત બંધ રહી ત્યારે ભારતે પાંચ વિકેટે ૩૦૭ રન બનાવ્યા હતા. રમત બંધ રહી ત્યારે ચેતેશ્વર

પુજારા ૧૧૯ અને કેપ્ટન મહેન્દ્રસિંહ ધોની ૨૯ રન સાથે રમતમાં હતા. ટોસ જીતીની પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કરવામાં આવ્યા બાદ ટીમ ઈન્ડિયા તરફથી ગૌતમ ગંભીર અને વિરેન્દ્ર સહેવાગે તોફાની શરૂઆત કરી હતી. વિરેન્દ્ર સહેવાગ માત્ર ૪૧ બોલમાં નવ ચોગ્ગા સાથે ૪૭ રન બનાવી આઉટ થયો હતો. જ્યારે ગૌતમ ગંભીરે ૨૨ રનની ઈનિંગ્સ રમી હતી. જો કે તક મળી ગયા બાદ ચેતેશ્વર પુજારાએ આનો ફાયદો લીધો હતો અને પસંદગીકારોનો વિકાસ સાચો કરી બતાવ્યો હતો. ચેતેશ્વર પુજારાએ અણનમ ૧૧૯ રન કર્યા હતા. પુજારાએ ૨૨૬ બોલમાં ૧૫ ચોગ્ગા અને એક છગ્ગાની મદદથી આ રન બનાવ્યા હતા. વિરાટ કોહલી ૫૮ રન બનાવી આઉટ થયો હતો. રાજીવ ગાંધી આંતરરાષ્ટ્રીય મેચમાં આ બીજી ટેસ્ટ મેચ જ રમાઈ રહી છે. તે પહેલા ન્યુઝીલેન્ડ અને ભારત વચ્ચે જ અહીં ટેસ્ટ મેચ રમાઇ હતી જેમાં ૧૦૦૦થી વધુ રન બન્યા હતા. બ્રેડન મેક્કુલમે બેવડી સદી ફટકારી હતી. જો કે ટેસ્ટ મેચમાં કોઇ પરિણામ આવ્યું ન હતું. રાજીવ ગાંધી સ્ટેડિમ પર સચિન તેન્ડુલકર ૧૯ રન કરી આઉટ થયો હતો. ટેલરના નેતૃત્વમાં ન્યુઝીલેન્ડના બોલરો કોઇ અસરકારક દેખાયા ન હતા. ટીમ ઈન્ડિયાના બેટ્સમેનોએ આક્રમક બેટિંગ કરી હતી. ભારતીય ટીમ બે ટેસ્ટ મેચોની શ્રેણી જીતવા માટે તૈયારીમાં છે. બીજીબાજુ ન્યુઝીલેન્ડ પણ લડાયક મુડમાં છે.

સોનાની કિંમત રેકોર્ડ ૩૧૦૦૦ની ઉંચી સપાટીએ : ચાંદીમાં ઉછાળો

નવી દિલ્હી, તા. ૨૩

અમદાવાદ બુલિયન બજારમાં સોના-ચાંદીના ભાવ નવી ઐતિહાસિક સપાટી બનાવી રહ્યા છે. આજે સોનાનાં ભાવે ૩૧૦૦૦ની ઐતિહાસિક સપાટી પણ આંબી લીધી હતી. સોનાએ ૩૧૦૦૦ની સપાટી મેળવતા ચાંદીના ભાવમાં પણ તેજી જોવા મળી હતી. સોનામાં આજે ૩૦૦ રૂપિયાનો અને ચાંદીમાં ૧૦૦૦ રૂપિયાનો ઉચાળો જોવા મળ્યો હતો. સતત ચોતા દિવસે સોનાની કિંમતમાં તેજી રહી છે. દરમિયાન દિલ્હી બુલિયન બજારમાં ચાંદીની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૩૧૦૩૫ની ઉંચી સપાટીએ પહોંચી હતી. દિલ્હીમાં સોનામાં ૨૯૦ રૂપિયાનો વધારો થયો હતો. ૧૯મી જુનના દિવસે સોનાની કિંમત ૩૦૭૫૦ સુધી પહોંચી હતી. તહેવારો બાદ ખુલતા બજારમાં ચાલુ થયેલ આગઝરતી તેજીનો દોર ગુરુવારે પણ યથાવત રહ્યો હતો. સર્વપ્રથમ સોનાની વાત કરીએ તો અમદાવાદ માર્કેટમાં ગુરુવારે ૧૦ ગ્રામ સોનાના ભાવ રૂપિયા ૩૦૬૦૦ થી ૩૦૭૦૦ની ઉંચી સપાટીએ ખુલ્યા હતા. જે દિવસનાં કારોબારનાં અંતે રૂપિયા ૩૦૯૦૦થી ઐતિહાસિક સુધારા સાથે રૂપિયા ૩૦૯૦૦થી ૩૧૦૦૦ની ઐતિહાસિક સપાટીએ બંધ રહ્યા હતા. આ સાથે જ સોનાના ભાવે રૂપિયા ૩૧૦૦૦ની ઐતિહાસિક સપાટી પણ આંબી લીધી છે. બીજી બાજુ એક કિલોગ્રામ ચાંદીના ભાવે બુધવારે રૂપિયા ૫૫૦૦૦ની સપાટી મેળવ્યા બાદ ગુરુવારે રૂપિયા ૫૬૦૦૦ની ઐતિહાસિક સપાટી પણ મેળવી લીધી છે. ગુરુવારે પ્રતિકિલોગ્રામ ચાંદીના ભાવ રૂપિયા ૫૪૫૦૦ થી ૫૫૦૦૦ની ઉંચી સપાટીએ ખુલ્યા હતા. જે ગુરુવારના કારોબારીનાં અંતે રૂપિયા ૧૦૦૦ના ઐતિહાસિક ઉછાળા સાથે રૂપિયા ૫૫૫૦૦ થી ૫૬૦૦૦ની નવી ઉંચી સપાટીએ બંધ રહ્યા હતા. જેનાં પગલે ત્રીજી ધાતુ રૂપાના ભાવમાં પણ ગુરુવારના કારોબારના અંતે ૭૦૦નો જંગી ઉછાળો જોવા મળ્યો હતો. અને પ્રતિકિલોગ્રામ રૂપાનો ભાવ રૂપિયા ૫૫૦૦૦થી ૫૫૫૦૦ની ઓલટાઈમ હાઈ સપાટીએ બંધ રહ્યા હતા.

રૂપિયો બે સપ્તાહની સૌથી ઉંચી સપાટીએ

ડોલર સામે રૂપિયો આજે મજબુત રીતે બંધ રહ્યો હતો. કારોબારના અંતે રૂપિયો બે સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. ડોલર દબાણ હેઠળ રહેતા યુરો સાત સપ્તાહની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. અમેરિકી ફેડરર રિઝર્વએ વધુ નાણાંકીય સ્ટીમ્યુલસ પગલા લેવાના સંકેત આપ્યા બાદ સ્થિતીમાં ફેરફાર થયો હતો. ડોલર સામે રૂપિયો આજે ૫૫.૨૬/૨૭ની સપાટીએ રહ્યો હતો. બુધવારે રૂપિયો ૫૫.૪૯ની સપાટીએ રહ્યો હતો. રૂપિયો એક વખતે ૫૫.૧૨ સુધી પહોંચ્યો હતો. નવમી ઓગસ્ટે રૂપિયો સૌથી નીચી સપાટીએ પહોંચ્યો હતો. કારોબાર સાથે સંકળાયેલા નિષ્ણાંતોનું કહેવું છે કે ટુંક સમયમાં રૂપિયા ઉપર દબાણ આવી શકે છે. કારણ કે સ્થાનિક ચલણ માર્કેટમાં ડોલરની મોટાપાયે ખરીદી થઈ શકે છે.

ખજાનો (પાના નં. ૪ નું ચાલુ)

જવાબ - પોટાચેક
(૩) પારૂલ એચ. પ્રજાપતિ : પેથાપુરથી
પ્રશ્ન - સેન્ટ સોફિયાનું ચર્ચ કયાં આવેલું છે?
જવાબ - ઈસ્તંબુલ
(૪) ડાયના પી. ગજ્જર : પેથાપુરથી
પ્રશ્ન - ડેટ્રોઈન શહેર કયા શહેર તરીકે જાણીતું છે?
જવાબ - મોટરોનું શહેર
(૫) મકવાણા નિકુંજ કે. : સે-૧૭થી
પ્રશ્ન - ZSI નું પુરૂનામ શું છે?
જવાબ - ઝુઓલોજિકલ સર્વે ઑફ ઈન્ડિયા

આ સપ્તાહનો સવાલ...?

મહારાષ્ટ્રના તેજાબી વક્તા અને પ્રખર રાજનેતા રાજ ઠાકરે કઈ પાર્ટીના પ્રમુખ છે?

આપના જવાબ સાત દિવસમાં મોકલવા માટેનું સ્થળ

ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ

બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર

સાચા જવાબો :-

૫ (૫૧) ૬ (૨૧) ૫૯ (૯૧) ૬ (૨૧) ૬ (૧૧) ૫૯ (૦૧)
૫ (૨) ૬ (૭) ૬ (૭) ૬ (૩) ૬ (૫) ૬ (૨) ૫ (૯) ૬ (૨) ૫ (૧)